# કોલેજ ઓફ એફપીટીબીઈ, આ.કૃ.યુ., આણંદની શૈક્ષણીક પ્રવાસ અંતર્ગત કૃષિ કોલેજ, વાયાનડ, કેરાલાનાં વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત

કૃષિ કોલેજ, કેરાલા કૃષિ યુનિવર્સિટી, અંબાલાવાયલ, વાયાનડ ખાતે કૃષિ સ્નાતકમાં અભ્યાસ કરતા ૬૩ વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણીક પ્રવાસ અંતર્ગત કોલેજ ઓફ ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલોજી એન્ડ બાયો એનર્જી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદની તા.૧૯/૨/૨૦૨૪ના રોજ મુલાકાત કરવામાં આવેલ. વિદ્યાર્થીઓની મુલાકાત દરમિયાન તેઓને અત્રેની કોલેજ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ફૂડ પ્લાન્ટ ઓપરેશન્સ વિભાગ હેઠળની વિવિધ ફૂડ પ્રોસેસીંગ લાઈન્સ (કેનિંગ, ફ્રાઈંગ, ડ્રાઈંગ, વિગેરે), ફૂડ સેફટી એન્ડ ક્વોલીટી એસ્યુરન્સ વિભાગ હેઠળ આવેલ ફૂડ ક્વોલીટી ટેસ્ટિંગ લેબોરેટરીમાં સંશોધન ક્ષેત્રે કરવામાં આવતી વિવિધ કામગીરીનું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવેલ.









